# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-05-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર નિકીતા શાહ વાંચે છે.

---

- ❖ લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે મતદાનનો પ્રારંભ – આ તબક્કામાં નવ રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 96 બેઠક માટે મતદાન થઇ રહ્યું છે.
- ❖ અમદાવાદ મહાનગરપાલિકાએ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અરજી કરવાની તારીખ 17 મે સુધી લંબાવી છે.
- ❖ રાજ્યમાં આજથી પાંચ દિવસ વરસાદની સંભાવના
- ❖ પંચમહાલના વૈભવ મિશ્રાએ રાજ્યકક્ષાની ગ્રીકો રોમન અંડર 23 કુસ્તી સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો.
- ❖ IPLમાં  અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે ગુજરાત ટાઈટન્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મુકાબલો થશે.

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# FOURTH PHASE

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે મતદાનનો પ્રારંભ થયો છે. આ તબક્કામાં નવ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 96 બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. જેમાં આંધ્રપ્રદેશની 25, તેલંગાણાની 17, ઉત્તરપ્રદેશની 13, મહારાષ્ટ્રની 11, મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળની આઠ-આઠ, બિહારની 5, ઝારખંડ અને ઓડિશાની ચાર – ચાર તેમજ જમ્મૂ-કાશ્મીરની એક બેઠક પર મતદાન થઇ રહ્યું છે.

સવારે સાત વાગ્યાથી શરૂ થયેલું મતદાન સાંજે છ વાગ્યા સુધી ચાલશે. ચૂંટણી પંચે મતદાતાઓની ભાગીદારીને વધારવા માટે તેલંગાણાના 17 સંસદીય મત વિસ્તારોના કેટલાક કેન્દ્રોમાં મતદાનનો સમય વધાર્યો છે.

આ તબક્કામાં 17 કરોડ, 70 લાખ મતાદાતાઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. લોકસભા ચૂંટણીના આ ચોથા તબક્કા માટે કુલ 717 ઉમેદવારો મેદાનમાં છે.

આ તબક્કામાં લોકસભા સાથે આંધ્ર પ્રદેશની 175 અને ઓડિશાની 28 વિધાસનભા બેઠકો માટે પણ મતદાન થઈ રહ્યું છે.

---------------------------------------------------------------------

-પુલ, સુનિતા -(નવીન)

# PM AAVAS YOJNA EXTEND DATE

અમદાવાદ મહાનગરપાલિકાએ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઑનલાઈન મગાવેલી અરજીઓની તારીખ 17 મે સુધી લંબાવી છે. શહેરમાં આર્થિક રીતે નબળા એટલે કે, EWSના આવાસ બનાવવામાં આવી રહ્યા છે

તાજેતરમાં જ કુલ એક હજારથી વધુ આવાસ બનાવવા માટે મહાનગરપાલિકાએ ઑનલાઈન અરજી મગાવી હતી, જેની તારીખ આજે 13 મેએ પૂર્ણ થતી હતી, પરંતુ મહાનગરપાલિકાની વેબસાઈટ અપગ્રેડ થતી હોવાના કારણે ચાર દિવસ વેબસાઈટ બંધ રહેવાની હોવથી હવે અરજદારો 17 મે સુધી આવાસ યોજના માટે અરજી કરી શકશે.

ઉલ્લેખનીય છે કે, મહાનગરપાલિકાની વેબસાઈટ પર અત્યાર સુધીમાં 75 હજારથી વધુ લોકોએ ઑનલાઈન અરજી કરી છે.

---

- SOURCE - PTC – AHMEDABAD – KARAN PARMAR – PRAVESH. -(નવીન)

# WEATHER

હવામાન વિભાગે રાજ્યમાં આજથી 5 દિવસ વરસાદની આગાહી કરી છે.

હવામાન વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું છે કે ગુજરાતમાં પ્રિમોનસુન એક્ટિવીટીના ભાગરૂપે આગામી 5 દિવસ વરસાદ થઈ શકે છે.

હવામાન વિભાગે આજે  બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, છોટાઉદેપુર, પંચમહાલ, નર્મદા, સુરત, તાપીમાં હળવા વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. તો ડાંગ, નવસારી અને વલસાડમાં ગાજવીજ સાથે ભારે વરસાદ પડવાની ચેતવણી આપી છે.

આવતીકાલે અમદાવાદ સહિત મધ્ય ગુજરાતના તમામ જિલ્લાઓમાં વરસાદની આગાહી કરાઇ છે. સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, બોટાદ અને ભાવનગરમાં હળવોથી મધ્યમ અને સાબરકાંઠા, અરવલ્લીમાં આવતીકાલે ભારે વરસાદની સંભાવના  છે. આ સહિત દાહોદ, છોટાઉદેપુર, વડોદરા, ખેડા, આણંદ, મહીસાગર, પંચમહાલ, ભરૂચ અને સુરતમાં વરસાદની આગાહી કરાઇ છે. 15 મેએ ગીરસોમનાથ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, બોટાદ, અમરેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, અમદાવાદ, ખેડા, આણંદ, પંચમહાવ, દાહોદમાં વરસાદની આગાહી છે, 16 મેએ ગીર સોમનાથ, સુરત, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં વરસાદ પડી શકે છે. 17 મેએ નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં વરસાદ પડવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

દરમિયાન ગઇકાલે રાજયના કેટલાંક જીલ્લાઓમાં વરસાદી માહોલ સર્જાયો હતો. અમારા મહિસાગર જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે જિલ્લાના લૂણાવાલા

બાલાસિનોર વિરપુર સહિતના વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણને કારણે ઠંડીમાં રાહત મળી છે

અમારા નર્મદા જીલ્લાના પ્રતિનિધી જણાવે છે કે, નર્મદા જીલ્લાના ડેડિયાપાડાના આંતરિયાળ વિસ્તારોમાં ગઇકાલે કમોસમી વરસાદ વરસ્યો હતો.

દરમ્યાન રાજ્યના 5 જેટલા શહેરમાં ગઈકાલે તાપમાન 40 ડિગ્રીથી થી વધુ નોંધાયું છે. 42 ડિગ્રી તાપમાન સાથે અમદાવાદ સૌથી ગરમ શહેર રહ્યું. સુરેન્દ્રનગરમાં, રાજકોટમાં ગાંધીનગરમાં અને ડીસામાં 41 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે

--------------------------------------------------------------------

-ડીડી, IMD, નિકીતા -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટિવટર હેન્ડલ A.I.R. ન્યુઝ અન્ડર સ્કોર ABA AD ને ફોલો કરી શકો છો..

.....................................

# MORBI- MACHHU DAM

મોરબીના મચ્છુ-2 ડેમમાં દરવાજાનું સમારકામ કરવાનું હોવાથી ડેમના બે દરવાજા બે ફૂટ ખોલવામાં આવ્યા છે. મોરબી અને માળીયા તાલુકાના 34 ગામોને એલર્ટ આપવામાં આવ્યું છે. મોરબીનો બેઠો પુલ સલામતીના કારણોસર બંધ કરવામાં આવ્યો છે.

ડેમના અધિકારી વી.કે, પટેલે જણાવ્યું હતું કે, એક હજાર 400 ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવ્યું છે, જેથી 34 ગામોને એલર્ટ કરાયા છે. નદીના પટમાંથી લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી કરવામાં આવી છે. ડેમમાં કુલ 988 એમસીએફએફ પાણીનો જથ્થો છે, તેમાંથી 726 એમસીએફએફ પાણી છોડવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું છે કે, ડેમ 3 દિવસમાં ખાલી થશે ત્યારબાદ દરવાજા રેપિરીંગ કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

પીટીસી-મોરબી-અજય સર-યશ્વી

# RAILWAY TICKET CHECKING AHMEDABAD

પશ્ચિમ રેલવેએ ટિકિટની ચકાસણીથી અધધ કુલ 173.89 કરોડ રૂપિયાની આવક એકત્રિત કરતાં ટિકિટ ચકાસણીની કામગીરી કરતા 23 કર્મચારીઓને સન્માનિત કર્યા હતા.

નોંધનીય છે કે, પશ્ચિમ રેલવેએ ટિકિટ ચકાસણીથી 140 કરોડ રૂપિયાની આવકનો લક્ષ્યાંકને પણ પાર કરી લીધો છે. વર્તમાન આવક નિર્ધારિત લક્ષ્યાંક કરતા 23.90 ટકા વધુ નોંધાઈ છે. આ ગૌરવશાળી ક્ષણની ઉજવણી કરવા પશ્ચિમ રેલવેએ તમામ 6 વિભાગના 23 ટિકિટ ચકાસણીના કર્મચારીઓને પ્રશંસનીય કામગીરી માટે સન્માનિત કર્યા હતા.

પશ્ચિમ રેલવેને મુખ્ય જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુરે જણાવ્યા મુજબ, આ તમામ કર્મચારીઓના સમર્પણ અને મહેનતને ઓળખવા તેમને યોગ્યતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

------------------------------------------------------------------------

- SOURCE – HINDUSTHAN SAMACHAR – PRAVESH. -(નવીન)

# PANCHMAHAL KUSHTI GOLD MEDAL

પંચમહાલ જિલ્લાના વૈભવ મિશ્રાએ રાજ્યમાં યોજાયેલી ગ્રીકો રોમન રાજ્યકક્ષાની અંડર 23 – 82 કિલોમાં ભાગ લઈ કુસ્તીમાં શ્રેષ્ઠ પ્રદર્શન સુવર્ણ ચંદ્રક જીત્યો છે. કુસ્તીબાજ વૈભવ મિશ્રા હાલોલ તાલુકામાં આવેલા વી. એમ. શાહ અંગ્રેજી માધ્યમ શાળાના પૂર્વ વિદ્યાર્થી છે અને તેમણે કુસ્તીના કોચ સુનિલ રાઠોડ પાસેથી કુસ્તીની તાલીમ મેળવી છે તેમણે સુવર્ણ ચંદ્રક જીતી પોતાની શાળાનું, હાલોલનું અને કોચનું ગૌરવ સમગ્ર રાજ્યમાં વધાર્યું છે.

પંચમહાલ જિલ્લા અને હાલોલ તાલુકાના રમતગમત ક્ષેત્રના લોકો સહિત, વીએમ સ્કૂલનાં આચાર્ય અને સ્ટાફ સહિત કુસ્તી કોચ સુનિલ રાઠોડે વૈભવ મિશ્રાને આ સિદ્ધિ મેળવવા બદલ શુભેચ્છા પાઠવી હતી. રાજ્યકક્ષાએ ભાગ લીધા બાદ હવે આ કુસ્તીબાજ આગામી સમયમાં રાષ્ટ્રીય કુસ્તી સ્પર્ધામાં ભાગ લેશે.

---------------------------------------------------------------------

- SOURCE – PTC- PANCHMAHAL – PRAVESH -(નવીન)

# IPL

IPLમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડીયમ ખાતે આજે ગુજરાત ટાઇટન્સ અને કોલકતા નાઈટ રાઇડર્સ વચ્ચે મુકાબલો થશે. મેચ સાંજે 7-30 વાગે શરૂ થશે.

કોલકતા નાઇટ રાઇડર્સ પ્લે ઓફમાં સ્થાન મેળવી ચુકી છે. જયારે ગુજરાત પ્લે ઓફમાં સ્થાન મેળવવા જીતના લક્ષ્ય સાથે રમતમાં ઉતરશે.

દરમિયાન ગઇકાલે રમાયેલી મેચોમાં રોયલ ચેલેન્જર બેંગલુરૂએ દિલ્હી કેપીટલ્સને 47 રને હરાવ્યું છે અન્ય મેચમાં ચેન્નાઇએ રાજસ્થાનને પાંચ વિકેટે હાર આપી હતી.

---------------------------------------------------------------------

-પુલ, નીકીતા -(નવીન)

# FOOTBALL

અમદાવાદમાં રમાયેલી ગુજરાત સુપર લીગ ફૂટબોલ સ્પર્ધામાં કર્ણાવતી નાઇટસે ખિતાબ જીતી લીધો છે.

ગુજરાત સ્ટેટ ફુટબોલ એસોસીએશનના ઉપક્રમે રમાયેલી આ સ્પર્ધાની ફાઇનલમાં ગઇકાલે કર્ણાવતી નાઇટસે, વડોદરા વોરિઅર્સને 5 – 4થી હરાવી જીત મેળવી હતી. આ રોમાંચક ફાઇનલમાં મિઝોરમના મંત્રી લાલન હિંગ્લોવા સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, આ સ્પર્ધામાં કુલ છ ટીમોએ ભાગ લીધો હતો.

---------------------------------------------------------------------

-ન્યુઝ પેપર, નિકીતા -(નવીન)

# PATAN CYBER CRIME AWARENESS PROG

પાટણમાં સાઈબર ક્રાઈમ પોલીસે એક હજાર 500 જેટલા વિદ્યાર્થીઓ સહિત ગ્રામજનોને સાઈબર ક્રાઈમ કઈ રીતે થાય છે ? તેના કેટલા પ્રકાર છે ? તેને કઈ રીતે ઓળખી શકાય ? તેમ જ સાઈબર ક્રાઈમથી બચવાના ઉપાયો અંગેની વિગતવાર માહિતી આપી હતી.

આ માટે સાઈબર ક્રાઈમ પોલીસે બાલિસાણામાં રામજી મંદિર ચોક પાસે એક જાગૃતિ પરિસંવાદ કાર્યક્રમ યોજ્યો હતો. અહીં જિલ્લાના વિવિધ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પોલીસ અધિકારીઓને લોકોને સાઈબર ક્રાઈમ જેવા કે, ઈ-મેઈલ સ્પુફિંગ, સીમ-કાર્ડ ક્લૉનિંગ, ઈન્સ્ટન્ટ લૉન એપ, ઑનલાઈન શોપિંગ ફ્રોડ, નકલી વેબસાઈટ સહિતના ક્રાઈમથી વાકેફ કર્યા હતા.

---

- SOURCE – HINDUSTHAN SAMACHAR – PRAVESH. -(નવીન)

# BHAVNAGAR FIRE SAFETY

ભાવનગર શહેરમાં અગ્નિ શામક દળે અગ્નિ સુરક્ષાના સાધનો ન હોવા બદલ 64 ઈમારતોને નોટિસ આપી હતી. શહેરના ગીચ બજાર વિસ્તારોમાં છેલ્લા ચાર દિવસથી અગ્નિશામક દળ નોટિસ આપવાની કામગીરી કરી રહી છે.

આમ, કુલ 192 ઈમારતોને અગ્નિ સુરક્ષાના સાધનો તાત્કાલિક લગાવવા માટે તાકીદ કરવામાં આવી હતી.

છેલ્લા ચાર દિવસમાં શહેરના ગામતળ તરીકે જાણીતા બજાર અને ગીચ વિસ્તારોમાં વ્યાપારી, રહેણાકની સહિતની ઈમારતોને નોટિસ આપવામાં આવી હતી.

---

- SOURCE – PTC – SURESH TRIVEDI – PRAVESH. -(નવીન)